# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧
ફોન નંબર-0261-2662902, suratdeo@gmail.com , web :-www.suratdeo.org

જા.નં.મા-૨/ના.અ.સુ./૨૦૨૪ / 12351-58 તા.14 /૦૮/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી, ગ્રાન્ટેડ તથા ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ.સુરત

વિષય :- ધોરણ-૯ થી ૧૨ ના વિદ્યાર્થી/વિદ્યાર્થિનીના નામ,અટક,જાતિ,જન્મતારીખ, જન્મ સ્થળ,પિતાના નામમાં સુધારો કરવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે આપની શાળામાં ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી/વિદ્યાર્થિની નામ, અટક, જાતિ, જન્મતારીખ, જન્મ સ્થળ પિતાનાં નામમાં ફેરફાર/સુધારો કરવા અંગેની દરખાસ્તો આ સાથે સામેલ કેમ્પ આયોજન પત્રક મુજબ કેમ્પ સ્થળે રજૂ કરવાના રહેશે. આપની શાળાની તમામ દરખાસ્તો કેમ્પમાં જાણકાર કર્મચારી સાથે રૂબરૂ કેમ્પના આયોજન મુજબ રજૂ કરવાનાં રહેશે. સ્થળ પર મંજૂરી શકય હોય ત્યાં સુધી ચકાસણી કરી કચેરી આદેશ આપવામાં આવશે. કેમ્પના સ્થળે રજીસ્ટ્રેશન કરવું તેમજ કેમ્પનાં સમયપત્રકનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોંધ :-

- નામ/અટક/જાતિ/જન્મતારીખ વગેરેમાં સુધારા કરવાની તમામ દરખાસ્તમાં વિદ્યાર્થીઓનું જન્મ પ્રમાણપત્ર પ્રમાણિત કરી ફરજિયાત મુકવાનું રહેશે.
- **File -1** કુમાર/ભાઇ, બહેન/કુમારી અને નામ જેવા કેસ
- **File 2 -** માત્ર માતાના નામમાં સુધારો કે નામ દાખલ કરવાનાં કેસ
- **File 3** માત્ર જાતિ સુધારાની ફાઈલ
- **File 4** -માત્ર જન્મ તારીખ સુધારા
- **File 5 -** માત્ર દત્તક વિધાન દ્વારા નામ સુધારા કેસ
- **File 6 -** એક વિદ્યાથીને **2** થી **3** વિવિધ બાબતોનો સુધારો કરવાનો હોઇ દા.ત.- તરીકે એક જ વિદ્યાર્થીનું નામ, જાતિ અને માતાના નામમા સુધારો

જે-તે કેસના આધારો પરિપત્ર મુજબ તૈયાર કરવા

ફાઈલ ઉપર શાળાનું નામ અને કયા પ્રકારના કેસ છે તેની વિગતો લખવી

બિડાણ:- કેમ્પ આયોજન પત્રક

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો સુરત

**નકલ રવાના .**

આચાર્યશ્રી,કેમ્પ સ્થળની શાળાઓ

/- સદર કેમ્પમાં આનુષંગિક વ્યવસ્થા કરવા સારૂ.

# કેમ્પ આયોજન પત્રક

## કેમ્પ સમય સવારે ૮:૦૦ થી બપોરે ૧૪:૦૦ સુધી

## શાળા રજીસ્ટ્રેશન સમય ૮:૦૦ થી ૮:૩૦

| ક્રમ | સમાવિષ્ટ SVS No. | કેમ્પની તારીખ | ટીમ નંબર | કેમ્પની સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ૩ અને ૯ | ૧૬/૦૮/૨૦૨૪ | ૧ | પી.આર.ખાટીવાલા વિદ્યાસકુંલ, રૂઢનાથ મહાદેવ મંદિર પાસે, ડુમસ રોડ, સુરત |
| ૨ | ૪ | ૧૭/૦૮/૨૦૨૪ | ૨ | શ્રી કૈલાસ માનસ વિદ્યામંદિર, જીઆવ રોડ, ભેસ્તાન |
| ૩ | ૧ અને ૧૦ | ૨૦/૦૮/૨૦૨૪ | ૩ | એલ.પી.સવાણી ઇન્ટરનેશનલ સ્કૂલ, નક્ષત્ર હાઇટ્સ, ગૌરવ પથ રોડ, પાલ ગામ, સુરત |
| ૪ | ૨ | ૨૧/૦૮/૨૦૨૪ | ૧ | શ્રીમતી એસ.એચ.ગજેરા મા.અને ઉ.મા શાળા, ગજેરા સર્કલ પાસે કતારગામ અમરોલી રોડ, કતારગામ, સુરત |
| ૫ | ૫ | ૨૨/૦૮/૨૦૨૪ | ૨ | હરેકિષ્ણા ઇન્ટરનેશનલ સ્કૂલ, શિક્ષાપત્રી હાઉટ્સની બાજુમાં, કોસાડ સાયણ રોડ, સુરત |
| ૬ | ૬ | ૨૩/૦૮/૨૦૨૪ | ૩ | એમ.સી ઠાકર એજ્યુકેશન કેમ્પસ સી.એચ.પાર્ક નજીક, કડોદરા રોડ, સરથાણા જકાતનાકા, સુરત |
| ૭ | ૭ | ૨૮/૦૮/૨૦૨૪ | ૧ | આર.એન.ભાયાણી વિદ્યાસકુંલ બ્લોક નંબર-૧૪૯, સિમાડાગામ, સિમાડા પોલીસ ચેકપોસ્ટની પાછળ, પૂણા-સિમાડા કેનાલ રોડ, સુરત |
| ૮ | ૮ | ૨૯/૦૮/૨૦૨૪ | ૨ | અગ્રવાલ વિદ્યાવિહાર (ડીડોલી) મધુરમ્ સર્કલ પાસે, ડીડોલી-ખરવાસા રોડ, સુરત |
| ૯ | ૧૧ | ૩૦/૦૮/૨૦૨૪ | ૩ | નવનિધિ ઇન્ટરનેશનલ સ્કૂલ લસકાણા-ખોલવડ રોડ, ખોલવડ, સુરત |
| ૧૦ | ૧૨,૧૩ અને ૧૪ | ૩૧/૦૮/૨૦૨૪ | ૧ | વંદે માતરમ્ વિદ્યાપીઠ, રાયમ ચાર રસ્તા તા.બારડોલી, જિ.સુરત |

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત.જિલ્લો.સુરત

# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં.મા-૨/કેમ્પ/૨૦૨૪/૨૧૦૯૮ તા.૨૩/૦૭/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત શહેર/જિલ્લાની રજીસ્ટર્ડ સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓ તરફ.

વિષય:- ધોરણ-૯ થી ધોરણ-૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી/વિદ્યાર્થિનીનાં નામ, અટક,જાતિ,જન્મ તારીખ.જન્મ સ્થળ,પિતાનાં નામમાં ફેરફારની દરખાસ્ત બાબત.

જય ભારતસહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે,શૈક્ષણિક **વર્ષ-૨૦૨૪-૨૫**માં આપની શાળામાં **ધોરણ-૯ થી ધોરણ-૧૨** માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના નામ,અટક,જાતિ,જન્મ તારીખ,જન્મ સ્થળ,પિતાનાં નામમાં ફેરફાર કરવા માંગતા હોય, તેવા વિદ્યાર્થીઓને આપની કક્ષાએથી જાણ કરવાની રહેશે અને જે વિદ્યાર્થીઓ નામ,અટક,જાતિ,જન્મ તારીખ,જન્મ સ્થળ,પિતાનાં નામમાં ફેરફાર કરવા માંગતા હોય,તેમની પાસે **નિયત નમૂનામાં અરજી તથા અસલ સોગંદનામું** જાતિ માટે **અસલ પેઢીનામું (તલાટીનું હોવું જોઇએ)** તેમજ **સાધનિક પૂરાવા સાથેની સંપૂર્ણ દરખાસ્ત તૈયાર કરી આપની કક્ષાએ રાખવાની રહેશે.**જેના નામ,અટક,જાતિ,જન્મ તારીખ,પિતાના નામમાં સુધારા માટેનાં કેમ્પનું આયોજન માટે જાણ કરવામાં આવશે. આ સાથે ધોરણ-૧૦ પાસ કર્યા બાદ ધોરણ-૧૧ અથવા ૧૨માં અભ્યાસ શરૂ હોય તેવા વિદ્યાર્થીઓ માટે સામેલ આદેશની નકલ પ્રમાણે દરખાસ્ત તૈયાર કરવાની રહેશે.

**નોંધ:-** દરેક શાળાએ વિદ્યાર્થીમુજબ દરખાસ્તની નોંધ સુધારા માટેનાં આદેશની વિગત કોમ્પ્યુટરાઇજ A/4 **સાઇઝનાં પેઇજ પર જ ટાઇપ કરીને લાવવાનાં રહેશે.આ સાથે નોંધ અને સુધારા આદેશની નકલ સામેલ છે** તે પ્રમાણે કરવાની રહેશે.

બિડાણ:- નોંધ અને આદેશનો નમૂનો

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત

સાદર રજૂ,

..........................................................................શાળા તાલુકો..................જિલ્લોઃ-સુરતની શાળામાં ધોરણઃ-........માં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાથીની શ્રી.................................................ના જી.આર.નંબર..................પર નોંધાયેલ છે. તેઓની વયપત્રકની નોંધમાં નીચેની વિગતે સુધારો કરવા માટે શાળાએ તેમના તા...........................ના પત્રથી દરખાસ્ત કરેલ છે.

સુધારાની વિગતઃ- (દા.ત. નામ, અટક, જન્મતારીખ, પિતાનું નામ, જાતિ વગેરે) ..................................

શાળાના જી.આર.ની હાલની નોંધ

સૂચિત સુધારેલી નોંધ

..........................................

..............................

શાળાએ રજૂ કરેલ દરખાસ્તમાં નામ/અટક/જાતિ બદલવા માટે વિદ્યાર્થીએ ભરવાનું ફોર્મ તથા સૂચિત સુધારા માટે વિદ્યાર્થીના વાલીએ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ / નોટરી સમક્ષ કરેલ અસલ સોગંદનામું રજૂ કરેલ છે. આ ઉપરાંત દરખાસ્ત સાથે નીચેના આધારો રજૂ કરેલ છે.(**A TO F**) પૈકી લાગુ પડતી બાબત સામે (√) ની નિશાની કરવી.

**A. વિદ્યાર્થી નામમાં સુધારો કરવા રજૂ કરેલ આધારો.**

૧.જન્મ રજીસ્ટરમાંથી પ્રમાણિત ઉતારો (જન્મ પ્રમાણપત્ર) અથવા કોર્ટનો હુકમ

**B. વિદ્યાર્થીના અટકમાં સુધારો કરવા રજૂ કરેલ આધારો.**

૧. વિદ્યાર્થીનું જન્મનું પ્રમાણપત્ર

૨. પિતાની એલ.સીની નકલ

૩. ઉપરના આધાર ન હોય તો કોર્ટનો હુકમ.

**C. વિદ્યાર્થીના જાતિમાં સુધારો કરવા રજૂ કરેલ આધારો.**

૧.વિદ્યાર્થીનું જન્મનું પ્રમાણલત્ર

૧.વિદ્યાર્થીના પિતાનાં એલ.સી.ની નકલ અથવા કાકા,ભાઇ,બહેનના એલ.સી. ની નકલ તથા તેનાં સંબંધનો પેઢીનામું અને સોગંદનામામાં ઉલ્લેખ કરવા.

૨.વિદ્યાર્થીના પિતાની જાતિ અંગેના સક્ષમ અધિકારીએ આપેલા પ્રમાણપત્રની નકલ. (લાગુ પડે તે વ્યકિતઓએ)

**D. વિદ્યાર્થીના જન્મ તારીખમાં સુધારો કરવા રજૂ કરેલ આધારો.**

૧.વિદ્યાર્થીનો જન્મનું પ્રમાણપત્ર અથવા કોર્ટનો હુકમ.

૨.વિદ્યાર્થીના ધોરણ-૧ થી અત્યાર સુધીના તમામ પરિણામોની પ્રમાણિત નકલ

ધો-૧ થી જન્મ તારીખ સુધારા માટે દરખાસ્ત રજૂ કર્યાના વર્ષ સુધીમાં અભ્યાસ દરમ્યાન નાપાસ થયેલ નથી તેવું આચાર્યનું પ્રમાણપત્ર

**E. વિદ્યાર્થી પિતાના નામમાં સુધારો કરવા રજૂ કરેલ આધારો.**

૧.વિદ્યાર્થીનો જન્મનું પ્રમાણપત્ર અથવા કોર્ટનો હુકમ.

૨.વિદ્યાર્થીના પિતાના એલ.સી.ની નકલ.

**F.** દત્તક વિધાન કેસમાં પિતાના નામમાં સુધારો કરવા રજૂ કરવાના આધારો.

૧.વિદ્યાર્થીનો જન્મનું પ્રમાણપત્ર.

૨.સબ રજિસ્ટાર દ્વારા નોંધાયેલ દત્તક વિધાન.

૩.પરસ્પર વાલીઓની સંમતિનું એફીડેવીટ.(બંન્ને વાલીની)

૪.આગલા પિતા હયાત ન હોય તો તેનો મરણનો દાખલો. જો હયાત હોય તો આગલા પિતાની સંમતી (એફિડેવીટ પર)

૫.રીમેરેજ કિસ્સામાં કોર્ટનો હુકમ.

૬.છૂટાછેડાનો કોર્ટનો હુકમ.

**J.** વિદ્યાર્થીના નામની પાછળ પિતાના નામને બદલે માતાનું નામ સુધારવા.

૧.વિદ્યાથીનો જન્મનું પ્રમાણપત્ર.

૨.પિતાના અવસાનનો દાખલો.

૩.છૂટાછેડાના કિસ્સામાં કોર્ટનો હુકમ.

૪.પિતા હયાત હોય તો તેની સંમતિ (સોગંદનામા સ્વરૂપે)

૫.અન્ય કારણો હોય તો તેના આધારો.

ક્રમ નં **A/B/C/E/F/G** ના પેટા ક્રમના આધારો અને વાલીનું એફીડેવીટ રજુ કરેલ છે. આધારો નિયમાનુસાર હોઇ વિદ્યાર્થીનું નામ/અટક/જાતિ/જન્મ તારીખ/પિતાનું નામમાં/માતાના નામમાં સુધારો કરી શકાય તેમ છે. જે યોગ્ય નિર્ણય અર્થે રજૂ આદેશાર્થે.

ઉકત આધારોની ચકાસણી કરતા શાળાની દરખાસ્ત મુજબ ..........................................શાળા, ............તાલુકો. જિ.સુરત ની શાળામાં ધોરણ ............માં અભ્યાસ કરતા વિદ્યાર્થીના જી.આર.ની નોંધમાં ..................................સુધારા માટે આદેશ સારૂ. વિદ્યાર્થી/વિદ્યાર્થિની શ્રી .................................. ..........................................................ના જી.આર.નંબર .......................ની નોંધમાં સુધારા માટે આદેશ સારૂ.

સિ.કલાર્ક | હેડ કલાર્ક | વહીવટી અધિકારી /શિ.નિ.

મંજુર/ના મંજુર

## નામ ,અટક,જાતિ,જન્મ તારીખ,જન્મ સ્થળ,પિતાનું નામ,વિદ્યાર્થીનુ નામ સુધારા કરવા અંગેની સુચના

૧. ફાઇલના મુખપૃષ્ઠ પર શાળાનું નામ ઇન્ડેક્ષ નંબર,સુધારાની વિગત અને વર્ષ સ્પષ્ટ દર્શાવવાની રહેશે.

૨. જાતિ અને જન્મ તારીખની દરખાસ્તની ફાઇલ અલગ-અલગ બનાવવી,આ સિવાય નામ,અટક,જન્મ સ્થળ,પિતાના નામમાં સુધારો,વિદ્યાર્થીના નામમાં સુધારો,સ્પેલિગ સુધારો કરવાની દરખાસ્ત ફાઇલમાં એકજ ક્રમશઃબનાવી ગોઠવી રજૂ કરવી.

૩. સુધારા માટે રજૂ કરવામાં દરખાસ્ત સાથે લાગુ પડતા આધારો સિવાય બિન જરૂરી કે વધારાના પૂરાવા સામેલ કરવા નહિ.

૪. દરખાસ્ત રજૂ કરતી વખતે નીચે મુજબના ક્રમમાં પત્રો ગોઠવી દરેક વિદ્યાર્થીના અલગ અલગ બંચ બનનાવી ઉકત ક્રમ (૨) ની સૂચના મુજબ ફાઇલ કરી કેમ્પમાં રજૂ કરવાની રહેશે.

૧. શાળાનો વિદ્યાર્થીની યાદી સાથેનો ફોરવડીગ લેટર (ફાઇલ પ્રમાણે જુદા જુદા)

૨. નોંધ (નોંધ પર ફ્લેગ લગાડવી) (નોંધ આગળ પાછળ પ્રિન્ટ કરવી)

૩. આદેશની બે નકલ (બંન્ને નકલ પર ફ્લેગ લગાડવી)

૪. નામ/અટક/જાતિ/જન્મ તારીખ બદલવા માટે વિદ્યાર્થીએ ભરવાનું ફોર્મ.

૫. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ/નોટરી સમક્ષ વિદ્યાર્થીના વાલીએ કરેલ અસલ સોગંદનામું (એફીડેવીટમાં શાળાના નામ/જી.આર.નંબર અને વિદ્યાર્થીના નામનો ઉલેખ કરવાનો રહેશે.)

૬. તમામ આધારો આચાર્યશ્રીએ પ્રમાણિત કરી સામેલ રાખવા.(તમામ આધારો પર ફ્લેગ લગાવવાનો રહેશે.

૭. દરેક પ્રકારના સુધારા માટે દરખાસ્તમાં વિદ્યાર્થીનું જન્મ પ્રમાણપત્રની ફરજિયાત નકલ રજૂ કરવાની રહેશે.

૮. જાતિ સુધારો/ઉમેરો/ફેરફાર માટે પેઢીનામુ અસલમાં(તલાટી ક્રમ મંત્રીશ્રી રેવન્યૂનું) ફરજિયાત રજૂ કરવાનું રહેશે.

૯. દત્તક વિધાન કેસની ફાઇલ અલગ બનાવવાની રહેશે.

જા.નં/મા-૨/આદેશ/૨૦૨૪/

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ, સુરત
તા.     /     /૨૦૨૪

**વંચાણે લીધા:-**

૧.શાળાનાં પત્ર નં.................તારીખ:- ...............
૨.ગ્રાન્ટ ઇન એઇટ કોડ ૧૯૬૪
૩.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨
૪.ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪
૫..જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટશ્રી/એકઝી. મામલતદારશ્રી/સબ રજીસ્ટ્રાર/નોટરીનાં
રજી.નં...............તારીખ: ................નાં રોજ કરેલ કોર્ટનો હુકમ/સોગંદનામું.
વિદ્યાર્થીનું નામ:...................................................ધોરણ: ...........

**કચેરી આદેશ:-**

આથી...................................................શાળાના ધોરણ:..........માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી/વિદ્યાર્થિની...............................................જી. આર. નંબર:.............પર નોંધાયેલ છે. જેમનાં વયપત્રકની નોંધમાં વિદ્યાર્થી/વિદ્યાર્થિનીનું નામ/અટક/પિતાનું નામ/જન્મ તારીખ તરીકે **જૂની નોંધ:** ........................ને બદલે **નવી નોંધ** : ......................નો ફેરફાર કરવાની આથી મંજુરી આપવામાં આવે છે. સુધારેલ વિગત શાળા દફતરે ફેરફાર કરી વિદ્યાર્થીને વાલીને તેમજ સબંધિત તમામ પક્ષકારોને શાળા કક્ષાએથી જાણ કરવાની રહેશે.

**(આ આદેશ કમ્પ્યુટરરાઇજ રજૂ કરવો (ઝેરોક્ષમાં લખવું નહીં.)**

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

પ્રતિ,
(૧) આચાર્યશ્રી,
.......... .......... .......... ..........
................................

જા.નં/મા-૨/આદેશ/૨૦૨૪/

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ, સુરત
તા.    /    /૨૦૨૪

<u>વંચાણે લીધા:-</u>

૧.શાળાનાં પત્ર નં................તારીખ:- ...............
૨.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨
૩.ગ્રાન્ટ ઇન એઇટ કોડ ૧૯૬૪
૪. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪
૫..જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટશ્રી/એકઝી. મામલતદારશ્રી/સબ રજીસ્ટ્રાર/નોટરીનાં
રજી.નં..............તારીખ: ................નાં રોજ કરેલ કોર્ટનો હુકમ/સોગંદનામું.
વિદ્યાર્થીનું નામ:...........................................ધોરણ: ...........

<u>કચેરી આદેશ:</u>

આથી...................................................શાળાના ધોરણ:...................માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી/વિદ્યાર્થિની...................................................જી.આર.નંબર .................પર નોંધાયેલ છે. જેમનાં વયપત્રકની નોંધમાં વિદ્યાર્થી/વિદ્યાર્થિનીનું નામ/અટક/પિતાનું નામ/જન્મ તારીખ તરીકે **જુની નોંધ:** ...................ને બદલે **નવી નોંધ :** ......................નો ફેરફાર કરવાની આથી મંજુરી આપવામાં આવે છે. સુધારેલ વિગત શાળા દફતરે ફેરફાર કરી વિદ્યાર્થીને, વાલીને તેમજ સબંધિત તમામ પક્ષકારોને શાળા કક્ષાએથી જાણ કરવાની રહેશે.

**<u>(આ આદેશ કમ્પ્યુટરરાઇજ રજૂ કરવો (ઝેરોક્ષમાં લખવું નહીં.)</u>**

**જિલ્લા શિક્ષણાધિકારી**
**સુરત, જિલ્લો-સુરત**

પ્રતિ,
(૧) આચાર્યશ્રી,
.............................................................
................................

(૨) આચાર્યશ્રી, (ધોરણ-૧૦ની જાહેર પરીક્ષા આપેલ શાળાનું નામ, સરનામું.) ધોરણ-૧૦નો જી.આર.નંબર.:-......................, એલ.સી.નંબર:-.....................શાળાનું નામ/સરનામું:-
..........................................

**નોંધ:-(ધોરણ-૧૦ પાસ કરેલ હોય, ધોરણ-૧૧ અથવા ૧૨માં અભ્યાસ કરતા હોય)**
**(સદર વિદ્યાર્થીની ધોરણ:-૧૦ની શાળા સુરત જિલ્લા સિવાયના અન્ય જિલ્લામાં હોય તો એક ઓર્ડરની નકલ કચેરીમાં જમાં કરાવવી.)**